## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

### સલામી સવારની..

વડાપદની જાહેરાતમાં ખચકાય છે પક્ષો!
ખોંખારો ખાઇને બોલવામાં અચકાય છે પક્ષો!
મચકાય છે કદમ ઉમેદવારોની મર્યાદાથી -
ને સીનીયરોની અવજ્ઞાથી કચવાય છે પક્ષો!
(કોંગ્રેસ-ભાજપ ની દ્વિધા)

### હાઈકુ

થઇ ગ્યું શરૂ!
મતોનું વિભાજન -
ચૂંટણી પ્હેલાં..
(યુપીમાં કોમી સંઘર્ષ)

સીંચે વાણીથી
ખેડૂત ના ખેતરો
વીજળી-પાણી
(એગ્રોમીટનો ધજાગરો)

### ચિંતન

**કસ્ય દોષઃ કુલે નાસ્તિ વ્યાધિના કો ન પીડિતઃ ।**
**વ્યસનં કો ન પ્રાપ્તં કસ્ય સૌખ્યં નિરંતરમ્ ॥**

ચાણક્ય નીતિનો આ શ્લોક કહે છે કે કોઇ પણ કુળ-વંશ-જાતિ-વ્યક્તિ પોતાને સદાય સુખી સમજવાળા વ્યક્તિને પણ કંઇકને કંઇક કષ્ટતો હોય જ છે.

'સંસારમાં એવો કયો વંશ કે એવું કયું કુળ છે જેમાં કોઇ-કંઇ પણ દોષ અથવા અવગુણ ન હોય **પ્રત્યેક વ્યક્તિમાં કોઇને કોઇ-કંઇને કંઇ દોષ-રોગ-દુખ-પીડા-વ્યસન તો હોય જ છે** વ્યસનમાં પડીને કષ્ટ સહન ન કરે એવી વ્યક્તિ કોઇ જ નથી. સદાય સુખ-સમૃદ્ધિમાં રહેનાર વ્યક્તિને એ પરિસ્થિતિ કઠિનતા ભોગવ્યા પછી જ મળે છે, કારણ કે પ્રત્યેક વ્યક્તિના જીવનમાં કયારેક ને કયારેક કષ્ટ-સંઘર્ષ તો આવતાં જ હોય છે.'

'સંઘર્ષ' એ જ જીવનનું-વ્યવહારનું સંસારનું બીજું નામ છે - સંઘર્ષ વિના મળેલી કોઇ પણ વસ્તુ, બાબત, **સ્થાન-માન-પદની કિંમત હોતી નથી, વડીલે સંઘર્ષ દ્વારા એકઠી કરેલી** મિલ્કત વારસોને મન તો મોજ-મજાનું સાધન જ બની રહે છે.

જીવનમાં આવતી પરીક્ષાઓ ખૂબ સંયમ અને તપ દ્વારા પસાર કરવાથી જ જીવનની સાચી કિંમત સમજાય છે.

### સુવિચાર

- બુદ્ધિશાળી બીજાને આંજી નાખવા માટે ઉતાવળીયો હશે, બુદ્ધિમાન પોતાની બુદ્ધિને માંજવાનું લક્ષ્ય રાખશે... બુદ્ધિશાળીનું સાધન તર્ક હશે, બુદ્ધિમાનનું સાધન વિવેક સત્ય અને તટસ્થતા હશે **- દર્શનશાસ્ત્ર**
- જગત એટલા માટે દુઃખી છે કારણ કે માણસને સુખી થતાં આવડે છે, પણ અન્યને સુખી બનાવવાનું નથી આવડતું... પોતાના સુખો માટે ઝુરતો, ઝઝુમતો માણસ સુખને લક્ષ્ય બનાવી પ્રામાણિકતા નેકી પવિત્રતા નીતિ બધુ જ વીસરી જાય છે- **હિતોપદેશ**
- જન્મકુંડળી ભલે જયોતિષીઓ દોરી આપતા હોય, પણ કર્મકુંડળી તો દરેક માણસે જાતે જ દોરવાની હોય છે.. જન્માક્ષર કરતા કર્માક્ષર વધુ શક્તિશાળી છે **- સંત વિવેકપ્રિયજી**
- તનને પ્રતિદિન સ્નાન અને અંતઃકરણને સ્નાન વિહોણું રાખીએ તો મનમંદિરમાં મહેક કયાંથી પ્રગટે?? **- વજુ કોટક**
- ઉદારતા એ જ આપણી 'લાઇફબોટ' છે, જે જિંદગીના જહાજને ડૂબવાને ટાણે આપણને ઉગારી શકે **- ગુલઝાર**
- પોતાનો ઇશ્વરીય અંશ તમને આપ્યા પછી પણ જો બધી જ ફરજો ઇશ્વરે અદા કરવાની હોય અને તમારી કોઇ ફરજ ન હોય તો તમારી જિંદગીની કિંમત શી? **- મિખાઇલ નેઇમી**
- આ જગત આજે ઉજળું છે, એવા લોકોને કારણે જેમને સ્વાર્થ ખાતર સચ્ચાઇ અને પ્રમાણિકતાનું ગળું નથી દાબી દીધું **- સિદ્ધાંત સરિતા**

### બોધ કથા

આજકાલ નેતાઓ-અભિનેતાઓ, અરે સાધુ-સંતો પણ પોતાનો પ્રભાવ લોહચુંબકીય બનાવવા પ્રચાર સાથે વ્યક્તિત્વ વિકસાવવા 'મેકઅપ' અને દેખાવ-પહેરવેશ પર પણ ધ્યાન આપવા લાગ્યા છે. શુદ્ધ ચારિત્ર્ય અને પવિત્ર આચરણ જ મહત્ત્વનાં છે.

શિક્ષકે વર્ગના વિદ્યાર્થીઓને પૂછ્યું તમારૂં વ્યક્તિત્વ કેવું હોવું જોઇએ?

એક નેતાના પુત્રએ કહ્યું વ્યક્તિત્વ લોહચૂંબક જેવું હોવુ જોઇએ જેથી સૌ કોઇ આપણી તરફ આકર્ષાઇ-ખેંચાઇ આવે!

તરત એક વિદ્યાર્થીની ઊભી થઇ કહ્યું - ખોટું! લોહચૂંબક તો પોતાની જાત જેવાને જ આકર્ષી શકે છે અને કયારેક ઉત્તર-દક્ષિણ છેડા સામે આવી જાય તો વિરોધ પણ થાય! હું તો કહું છું વ્યક્તિત્વ 'પારા' જેવું જ હોવું જોઇએ એકબીજામાં હળી-મળી 'એક' થઈ જાય એવું ઓતપ્રોત થઈ જવાય એવું વ્યકિતત્વ જ ઉત્તમ કહેવાય!

શિક્ષકે ધન્યવાદ આપતાં કહ્યું - સરસ! આપણા સંબંધો નિખાલસ અને એકમેકમાં ઓગળી એકરસ થઇ જવાય એવા - 'પારા' જેવા હોવા જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ડોકટર બનવાની મારી ઇચ્છા દિન-પ્રતિદિન પ્રબળ થતી જતી હતી, ત્યાં જ એક અકસ્માતે મારા બધા જ કર્યા કરાવ્યા પર પાણી ફેરવી દીધું

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

અહીં ટ્રાન્સફર થઇને તે આવી હતી. અને ગઇકાલે જ તેણે આ હોસ્પિટલમાં ડ્યુટી જોઇન્ટ કરી હતી. આજથી તેની ડ્યુટી શિફ્ટ મેડિકલ ઓફિસર તરીકે ટી.બી. વોર્ડમાં હતી. આજે તેને રાતની ડ્યુટી હતી. અત્યારે તે સાંજના ડોકટર પાસેથી ચાર્જ સંભાળી રહી હતી.

કાગળની બધી ફોર્માલિટીઓ પુરી કર્યા પછી તે બી શીફ્ટના ડોક્ટરની સાથે વોર્ડમાં દરદીઓને તપાસતી હતી. લગભગ સો પથારીઓનો મોટો વોર્ડ હતો. ડોકટર પ્રશાંત તેને ખાસ ખાસ દરદીઓની સંક્ષિપ્ત માહિતી આપી આગળ વધતો હતો. સોળ નંબરની પથારી પર દરદી નહોતો. તે બારી પાસે ઊભો હતો અને બહાર આકાશ તરફ જોતો હતો. ડો. પ્રશાંતે તેની બાબતે વાત કરતાં કહ્યું કે 'ડોકટર હી ઇઝ થર્ડ સ્ટેજ' ઘણાં દિવસોથી અહીં દાખલ થયેલો છે. તેનું દુનિયામાં કોઇ નથી. કદાચ અનાથ છે. તે આજ રીતે પાગલની જેમ કલાકો સુધી આકાશ તરફ જોઇ રહે છે.

તેણે જોયું કે એક દુબળો પાતળો યુવાન બારીની બહાર ખુલ્લા આકાશને તાકી રહ્યો છે. તેને તેનો ચહેરો કંઇક જાણીતો લાગ્યો છે. તે પોતાના મગજ પર જોર દેવા લાગી. ત્યાં ડો. પ્રશાંતે તેને બોલાવી એટલે એ આગળ વધી ગઇ.

વોર્ડનો રાઉન્ડ પુરા થતાં ડો. પ્રશાંત ઘેર જતો રહ્યો અને તે પોતાની કેબિનમાં આવીને બેઠી. થોડીવાર તે એમજ સુસ્ત બેઠી રહી. બેડ નંબર સોળનાં દર્દી વિષે વિચારતી રહી. પછી નર્સને બોલાવીને તેણે તેની ફાઇલ મંગાવી. નર્સ ફાઇલ આપી ગઇ એટલે તે ફાઇલ ખોલીને જોવા લાગી. દર્દીનું નામ લખેલું હતું દર્શન પટેલ.

'ના... ના... એ ના હોય.' તે મનમાં વિચારવા લાગી. કેમ કે તે આ નામના વ્યક્તિને ઓળખતી હતી. વર્ષો પહેલાં એ જયારે સ્કૂલમાં ભણતી હતી ત્યારે દૂરના કોઇ ગામડેથી એક છોકરો ભણવા આવ્યો. તેનું નામ દર્શન હતું. એ તેના જ કલાસમાં ભણતો હતો. તે બહુ સીધો અને હોંશિયાર હતો. દરેક ધોરણમાં વર્ગમાં એ પ્રથમ આવતો. તેથી શહેરમાં અમુક વિદ્યાર્થીઓ તેની ઇર્ષ્યા કરતા. અને કલાસમાં ગમે તે બહાનું કાઢીને તેની સાથે ઝઘડો કરવાનો પ્રયાસ કરતા. તે સોશવાઇને રહી જતો. આ બધું એ જોતી તો તેને ગમતું નહીં. ઘણી વખત તે પેલા લોકોને ખીજાતી અને બચાવ કરવાનો પ્રયાસ કરતી.

છેલ્લી વખત બારમા ધોરણની માર્કશીટ લેવા માટે આવ્યો ત્યારે એ મળ્યો હતો. એ વખતે પણ એ સ્કૂલમાં પ્રથમ આવ્યો હતો. તે દિવસે તેણે તેને પુછેલું.

'દર્શન, હવે આગળ શું કરવાનો વિચાર છે?'

'મને લાગે છે કે હું પ્રિમેડીકલ ટેસ્ટ આપું.'

'હું પણ એ જ વિચારૂં છું. જો એડમીશન મળી જશે તો આપણે ફરી મેડીકલ કોલેજમાં મળીશું.' એમ કહીને તે પોતાના ઘર તરફ નીકળેલી. તેને એમ લાગ્યું કે એ ત્યાં જ ઊભો રહી ગયો છે. અને ઘણીવાર સુધી તેને જોતો ઊભો રહ્યો હતો.

વર્ષો વહી ગયા. તેની નજર બધે તેને શોધતી રહી પણ કયાંક ન મળ્યો. બેડ નંબર સોળનાં દર્દીનો ચહેરો તેન જ લાગ્યો હતો અને તેનું નામ પણ એ જ હતું. પણ તેનું મન માનતું નહોતું કે આ એ જ દર્શન છે. તે આવી હાલતમાં કઇ રીતે હોય! તેને મનમાં શંકા જતી હતી. તેના કારણે બેચેની અનુભવવા લાગી. તે પોતાની જાતને રોકી શકી નહીં. ઊભી થઇ કેબિનની બહાર આવી અને વોર્ડમાં આવી ગઇ. પછી ધીમા પગલે બેડ નંબર સોળની તરફ આગળ વધી. તેના હૃદયનાં ધબકારા વધી ગયા હતા.

તે હજુ એજ રીતે ઊભો હતો. બારીની બહાર આકાશ તરફ જોઇ રહ્યો હતો. નજીક જઇને તેણે તેને બોલાવ્યો. 'દર્શન' પોતાનું નામ સાંભળીને એ ચોંકી ગયો. પાછો વળીને વિસ્મય પૂર્વક જોવા લાગ્યો. એ તેના મુરઝાયેલા ચહેરાને જોતી રહી. તેની આંખોમાં ખાડા પડી ગયા હતા. ગાલના હાડકાં દેખાતાં હતાં.

'આપ... દિપ્તી બહેન?'

'હા, દર્શન - હું એ જ દિપ્તી છું. પણ તું આ હાલતમાં'

તેણે એનો કંઇ જવાબ ન આપ્યો. પણ ટ્યુબલાઇટના પ્રકાશમાં તેની શુષ્ક આંખોમાં ભરાઇ આવેલ આંસુ ચમકી રહ્યા હતા. તેના મનમાં શંકા દૂર થઇ ગઇ. આ એ જ દર્શન હતો. જે વર્ષો પહેલાં તેની સાથે ભણતો હતો. તેને જરા સારૂં લાગ્યું. તે તેને પોતાની કેબિનમાં લઇ આવી. તેને ખુરશીમાં બેસાડી થર્મોસમાંથી કોફી કાઢવા લાગી.

તે કોફી પીવા લાગ્યો. તે જરાક તેની તરફ જોતો અને પછી ફરી કોફીનો ઘુંટ ભરતો હતો. તે પણ પોતાની ખુરશી પર બેસી કોફી પીવા લાગી. અને પોતાની સામે બેઠેલા માનવ શરીર અંગે વિચારવા લાગી. એ કેવો તંદુરસ્ત અને મનમાં જીવન પ્રત્યે અથાક ઉત્સાહ હતો. આજે એજ માનવ દેહ સંકોચાઇને જાણે હાડપિંજર બની ગયો હતો. ચહેરો ક્રાંતિવિહીન થઇ ગયો હતો. અને જાણે કે મન ઉદાસ લાગતું હતું.

'દિપ્તી બહેન તમે ડોકટર રૂપે બહું સારાં લાગો છો...' આમ કહેતાં એક હળવો મલકાટ તેના હોઠ પર આવી ગયો હતો.

'દર્શન હું તારા માટે હજુ એ જ દિપ્તી છું. મને દિપ્તી બહેન નહીં કહે તો ચાલશે.'

'સારૂં દિપ્તી મારી મનોકામના છે કે તું જીવનમાં હંમેશા સફળ રહે.'

'ખરી સફળતા તો હું તે દિવસે માનીસ જયારે તું બિલકુલ સાજો થઇ જઇશ અને... હાં, તું તારા જીવન બાબતે કંઇ જ નહીં કહે.'

'કહીશ ને... કેમ નહીં... ટૂકું જીવન છે. નાની વાત છે.'

તે ખુરશીને ટેકો દઇને આરામથી બેસી ગોય. એક લાંબો શ્વાસ લીધો પછી કહેવા લાગ્યો.

ઉનાળાના વેકેશનમાં હું પ્રિ મેડીકલ ટેસ્ટની તૈયારીમાં લાગી ગયો હતો. મેરિટમાં આવવાનો મેં દ્રઢ નિશ્ચય કરી લીધો હતો. ડોકટર બનવાની મારી ઇચ્છા દિન-પ્રતિદિન પ્રબળ થતી જતી હતી. ત્યાં જ એક અકસ્માતે મારા બધા જ કર્યા કરાવ્યા પર પાણી ફેરવી દીધું. મારા બાપુનું અચાનક અવસાન થઇ ગયું. ઘરમાં કમાનાર બાપુ એકલા જ હતા હવે એ જવાબદારી મારી પર આવી પડી. કેમ કે હું ઘરમાં સૌથી મોટો હતો, થોડાક જ દિવસોમાં જિંદગીના ઘણાં વર્ષો જાણે કે મેં જીવી નાંખ્યા. મારી અંદર જાણે કે પરિવર્તન આવી ગયું. અઢાર વર્ષની ઉંમરમાં જ હું પોતાને પ્રૌઢ અનુભવવા લાગ્યો. નાના ભાઇબહેનોને ભણવા માટે સમજાવતો અને પિતાના શોકમાં ડુબેલી માંને આશ્વાસન આપતો હતો.

તે જરા અટક્યો. પોતાની વાત કહેવા માટે જાણે કે તે શબ્દો શોધતો હતો. તે ફરી ગંભીર સ્વરે બોલ્યો.

મેં ખેતીનું કામ સંપૂર્ણ રીતે કરવા માંડ્યું. માં ઘરનું કામકાજ જોતી. મારી જેમ નાનો ભાઇ દિશાંત પણ ભણવામાં હોશિયાર હતો. એક વર્ષ પછી તેનું એડમિશન આઇ.આઇ.ટી.માં થઇ ગયું તો મારી ખુશીનું ઠેકાણું ન હતું. મારા બધાં દુઃખો જાણે કે જતાં રહ્યાં. હું રાત દિવસ સખત મહેનત કરવા લાગ્યો. એ દરમિયાન એક દિવસ મારી પ્રેમાળ મા પણ અમને છોડીને ચાલી ગઇ. અમે સૌ ભાઇ બહેન અનાથ થઇ ગયાં. ગામના વડીલો એ સાંત્વના આપી. મિત્રો એ દિલાસો આપ્યો. તેથી ધીરે ધીરે મારામાં હિંમત આવી. હવે હું મારી પુરી તાકાતથી કામે લાગી ગયો હતો. હવે નાનાં બંને ભાઇ બહેનની જવાબદારી મારા ખભે હતી. હું રાતદિવસ પરિશ્રમ કરતો તેથી લોકો મને કહેતા કે થોડો શરીરને આરામ આપ. પણ હુ ંકોઇની વાત ધ્યાને લેતો ન હતો. મને મારી ફરજ ચુક થઇ જવાનો ભય સતાવતો હતો.

(ક્રમશઃ)

# કનેક્ટિવીટી કટ..!! એક નેટવર્ક જો હિલાદે આપકી દુનિયા...!


## પોલીસ કસ્ટડીમાં જેમ ગુનેગારને સત્ય ઓકાવવાં અત્યાચાર થાય એમ જ મોબાઇલ પોર્ટીબીલીટી કરાવતાં ગ્રાહક પર થાય લમણાં લેતો અત્યાચાર

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

અમારા એક મિત્રએ એમનો ફલેટ ભાડે આપવા રવિવારનાં છાપામાં જાહેરાત આપી અને નાહીધોઈને તૈયાર થઈને કોક સારો ભાડુઆત મળે એની આતુરતાથી રાહ જોવા લાગ્યા, અગિયાર વાગ્યા સુધી એકેય ઈન્કવાયરી સે-૮નાં પ્રાઇમ લોકેશન પરનાં સસ્તા ભાડાનાં ફલેટ માટે ના આવતાં, જરાં એમને આશ્ચર્ય થયું. પછી એમણે મોબાઈલ લઈ જોયું કે કયાંક ફોન સાયલન્ટ તો નથી ને? ત્યારે ધ્યાને આવ્યું કે એમનાં ફોનમાં તો કવરેજ જ નથી!! એમણે એમની મોબાઈલ કંપનીને ફોન જોડતાં ઘણાં બધાં ટ્રાફિક સિગ્નટ હાટાવ્યા બાદ એક... મધુરો અવાજ સંભળાયો અને લગન માટે જોઈએ એથીય અધિક માહિતી પુછ્યા બાદ છેલ્લે કહ્યું કે તમારા એરીયાનો અમારો ટાવર પડી ગયો છે એટલે એકાદ અઠવાડિયે ચાલુ થશે...

શેફાલી નામની એક યંગ યુવતીની ઓફિસ સે-૮નાં એક મહાનમાં શિફ્ટ થઈ. અને એને જે જગ્યા મળી ત્યાંથી એને દરેક લોકો સાથે સંવાદ પુરો પાડવામાં મદદરૂપ થતાં મોબાઈલ કંપનીની સેવા ખોરવાઈ. કોઈ પણ આ બેનને ફોન કરે એટલે એમના નંબર પર પેલો રેકોર્ડ કરીને મુકેલો મીઠાં અવાજો ચાલુ થાય. કયારેક શેફાલી 'કવરેજ ક્ષેત્રની બહાર' રહેતી તો કયોરેક એનો મોબાઈલ 'સ્વિચ ઓફ' રહેતો, કયારેક તો એનો મોબાઈલ 'નંબર અસ્તિત્વમાં નથી' રહેતો.... શેફાલીને ફોન કરવો પડે તો એની જગ્યા છોડી બહાર આંગણામાં કે લૉનમાં આવીને વાત કરવી પડતી. અને એને બહાર મોબાઈલ પર વાત કરતી જોવામાં આજુબાજુના ભાઈઓને મજા પડતી!



ઓફિસમાં સહ કર્મચારીને પુછયું તો જવાબ મળ્યો કે અભિષેકનો 'આઈડિયા' અહીંયા કામ નથી કરતો. અમારામાંથી બે જણાં તો ત્રાસીને એમની સર્વીસ છોડાવી ચુક્યાં છે. શેફાલીએ એની ફરિયાદ નોંધાવી, ફોલોઅપ કર્યું પણ એનો કોઈ નીવેડો ના આવ્યો, એમનાં રિપ્રેઝેન્ટેટીવ 'આઈડિયા'થી જવાબ આપી ટૂંક સમયમાં જ તકલીફોનો નીવડો આળશે નો કોણીએ ગોળ ચોંટાડતાં રહ્યાં. છેલ્લે એની બહેનપણી શિલ્પાએ નેટવર્ક બદલવાની સલાહ આપી. છ મહિનાની યાતનાથી કંટાળેલી શેફાલીને શગુનને કહી એનો નંબર પોર્ટીબીલીટીના આઈડીયા અપનાવી પોર્ટ આઉટ કરવાનું નક્કી કર્યું.

જેવી શેફાલીની અરજી પહોંચી એટલે નેટવર્ક કંપનીનો ફોન આવ્યો અને કારણ પુછ્યું. એણે કારણ કહેતાં કહ્યું આટલાં દિવસથી ફરિયાદ નોંધાવવાં છતાં નેટવર્ક મળતું નથી, એમ તો બીજી કંપનીનો સર્વીસ પણ અલ્ટરનેટીવ તરીકે લઈ લીધી છે અને બીજી કંપનીની સેવાનું નામ પડતાં જ એમણે 'દસ દિવસમાં તમારી ફરિયાદ દૂર કરીશું, અને જો દૂર થાય તો તમારી પોર્ટીબીલીટીનો નિર્ણય તમે બદલજો,' એવી વિનંતી પણ કરી.

બે-ત્રણ દિવસ બાદ એમનો એક એસ.એમ.એસ. મળ્યો, તમારો 'નેટવર્ક'નો પ્રોબ્લેમ દૂર થયો કે નહીં એ જાણવા ફોન કર્યો હતો પણ તમે 'કવરેજ ક્ષેત્રની બહાર' હતા એટલે વાત થઈ શકી નહીં. અમારા નીચેનાં ટૉલ ફ્રી નંબર પર ફોન કરી અમને જરૂરથી જણાવો. મેસેજ વાંચ્યા બાદ શેફાલીનાં ચહેરાનાં હાવભાવ જોઈ શગુન ખડખડાટ હસતો હતો!!

જે દિવસે શેફાલીનો નંબર પોર્ટ આઉટ થવાનો હતો એજ દિવસે એમને ખબર પડી કે એમની મોબાઈલ સેવા આપતી કંપનીએ 'આઈડિયાથી' એમની અરજીની ઐસીતૈસી કરી નાંખી. શેફાલીએ એમનાં મેસેજનો જવાબ ના આપ્યો એટલે એમણે એવું માની લીધું કે આમનો પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયો. શેફાલીએ અકળાઈને એમનો ફોન કરી નંબર પોર્ટ આઉટ માટે ધમકી ઉચ્ચારી ત્યારે ત્રણ-ચાર દિવસ બાદ શગુનના ફોન પર એમનો ફોન આવ્યો.

કંપની : સાહેબ, તમારે હજી પણ નંબર પોર્ટ આઉટ કરવો છે?

શગુન : વારંવાર ફરિયાદ છતાંય અમારો પ્રોબ્લેમ દૂરના થતાં નેટવર્ક તકલીફથી થાકીને અમારે આ નિર્ણય કરવો પડ્યો.

કંપની : પણ, અમે તો અમારી રીતે આ પ્રોબ્લેમ સોલ્વ કર્યો જ છે.

શગુન : જુઓ, તમારો નંબર મારી પત્ની શેફાલી વાપરે છે અને તકલીફ એને પડે છે, તમે ડાયરેકટ એની જોડે જ વાત કરો ને?

કંપની : અમે એમને જ ફોન કર્યો હતો પણ એ 'કવરેજ ક્ષેત્રની બહાર' છે, એટલે કઈ રીતે સમજાવવો.

શગુન : ફોન... કટ...

છેલ્લે બે-ચાર ફોન અને અમારા જેવા મિત્રોની મદદથી એમનો નંબર પોર્ટ આઉટ થઈ ગયો. બીજી કંપનીનું નેટવર્ક ફર્સ્ટ કલાસ ચાલતું હતું. પણ આમને કયાં ખબર હતી કે ભૂત ગયું ને પલિત પેઠું. થોડાં સમય પછી આમને ઉત્તરાખંડ જવું હતું, મોબાઈલ સેવા નવી હોવાથી એમાં રોમિંગ ફેસિલીટી છે કે નહીં એની ખાત્રી કરવાં શેફાલીએ ફોન જોડ્યો, અને કૉલ સેન્ટરની કન્યાએ એની બુદ્ધિનું પ્રદર્શન ચાલું કર્યું.

શેફાલી : આ નંબર પર રોમિંગની સેવા છે કે નહીં? (ફરી પાછી એ જ તમારી નમ કુંડળી ખોલી બધી માહિતી બાદ જવાબ ચાલું થયાં)

કંપની : એક મિનિટ મેડમ (દસ મિનિટ હોલ્ડ પર રાખ્યા બાદ) ચેક કરી લઉં, તમારે કયાં જવું છે?

શેફાલી : ઉત્તરાખંડ

કંપની : એક મિનિટ મેડમ, ઉત્તરાખંજ કયાં આવ્યું?

શેફાલી : (ઝાટકો ખાઈને) : હા, તમને ઉત્તરાખંડ ખબર છે?

કંપની : ઉત્તરાંચલ?

શેફાલી : (અકળામણ ચાલુ થઈ ગઈ) દહેરાદૂન, હરિદ્વાર, બદ્રીનાથ, કેદારનાથ, નૈનીતાલ, આ બધા નામો સાંભળ્યાં છે?

કંપની : એટલે તમારે ઉત્તરપ્રદેશમાં જવું છે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ૯/૧૧ અને સ્વામી વિવેકાનંદ

## વણ હક્કનું ન સ્વીકારવું અને જરુર કરતા વધારાની ચીજોનો સંગ્રહ ન કરવો, આ બે નિયમ જ્યાં તૂટે છે, ત્યાં મહાભારત સર્જાય છે અને જ્યાં આ બે નિયમ સચવાઈ જાય છે, ત્યાં રામરાજ આપોઆપ સ્થપાઈ જાય છે

### ગુલમહોર

- દિનેશ દેસાઈ

આજે ૯/૧૧. આજની તારીખ ૧૧ સપ્ટેમ્બર સાથે ૧૯મી સદી અને ૨૧મી સદીના એક-એક મળીને બે સંદર્ભ જોડાયેલા છે. એકમાં પોઝિટિવિટી છે, તો બીજી ઘટનામાં નેગેટિવિટી છે. એકમાં સદ્‌ભાવ, સૌહાર્દ, સર્વધર્મ સમભાવ અને ભાઈચારાનો સંદેશ છે, તો બીજી ઘટનામાં વિધ્વંસ અને વિઘટન વૃત્તિ છે. એકમાં માનવવાદ છે, બીજી ઘટનામાં આતંકવાદ છે. બેઉ ઘટના વચ્ચે ૧૦૮ વર્ષનું અંતર છે. આટલી લાંબી અવધિમાં બબ્બે, ચાર-ચાર પેઢીઓ બદલાઈ જતી હોય છે. છતા માનવસ્વભાવમાં પરિવર્તન આવતું નથી. એની અવસ્થા એ જ આદિમ સ્વરુપની રહે છે. એથી મોટી વિડંબના શી હોઈ શકે?

આજના દિવસે સને ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદજીએ અમેરિકામાં શિકાગો ખાતે આર્ટ ઈન્સ્ટીટ્યુટના હૉલમાં મળેલી વૈશ્વિક ધર્મસંસદને સંબોધી હતી. ૨૯ વર્ષના તપસ્વી અને તેજસ્વી યુવાને કરેલું એ સંબોધન ''માય બ્રધર્સ્ ઍન્ડ સિસ્ટર્સ્ ઑફ અમેરિકા...'' ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ બની ગયું છે. તેઓના આ સંબોધનને વિવિધ ધર્મોના ઉપસ્થિત ધર્મગુરુઓએ પોતપોતાની બેઠક પરથી ઉભા થઈને વધાવી લીધું હતું અને તાળીઓનો ગડગડાટ સળંગ બે મિનિટ સુધી ચાલુ રહ્યો હતો. જન્મ તા. ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ અને નિર્વાણ તા. ૪ જુલાઈ, ૧૯૦૨. માત્ર ૩૯ વર્ષની આયુમાં તેઓએ સમગ્ર વિશ્વના વિવિધ દેશોના ધર્મોપદેશકો સમક્ષ હિન્દુ ધર્મનો, મા ભારતીનો સંદેશ આપ્યો.

૯/૧૧ની બીજી ઘટના એટલે સને ૨૦૦૧માં આજના દિવસે અમેરિકાના ન્યૂ યૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર થયેલો ઈસ્લામિક આતંકવાદી હુમલો. ઈસ્લામિક આતંકવાદી ઓસામા બિન લાદેને આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. એ પછી તો જો કે અમેરિકાએ બરાબરનો બદલો લીધો અને એને લાગ જોઈને ઢાળી પણ દીધો. પરંતુ મુદ્દો એ છે કે સમસ્યાનું આ કોઈ નિવારણ ન હોઈ શકે. સમસ્યાના મૂળમાં જઈને વૈદક કરવું પડે - જરુર પડે તો વાઢ-કાપ પણ કરવી પડે. આખેઆખો જીવ લેવાથી સમસ્યાનો હલ આવતો નથી.

બીજાનું પડાવી લેવાની હલકી મનોવૃત્તિમાંથી આતંકવાદનો અસુર પ્રગટે છે. ગાંધીજી અપરિગ્રહ અને અસ્તેયનું વ્રત લેવાનું કહેતા. વણ હક્કનું ન સ્વીકારવું અને જરુર કરતા વધારાની ચીજોનો સંગ્રહ ન કરવો. આ બે નિયમ જ્યાં તૂટે છે, ત્યાં મહાભારત સર્જાય છે અને જ્યાં આ બે નિયમ સચવાઈ જાય છે, ત્યાં રામરાજ આપોઆપ સ્થપાઈ જાય છે. પછી તો બેની લડાઈમાં ત્રીજો ફાવી જાય એવું પણ બનતું હોય છે. આજના સમયમાં બે સગા ભાઈઓ મિલકતના વિવાદમાં કુરુક્ષેત્રના મેદાનમાં નહીં, કૉર્ટમાં લડે છે. કેસ ચાલે છે અને વર્ષો સુધી બેઉ પક્ષ ન્યાયની અપેક્ષાએ ખર્ચ કરતા રહે છે. એક દિવસ એવો પણ આવે છે કે જ્યારે બેઉ ભાઈનું મોત થાય છે, પણ કેસ તો ચાલતો જ રહે છે. પાત્રો બદલાઈ જાય છે. હવે ભાઈના દીકરાઓ મેદાનમાં આવી જાય છે. પણ નવી પેઢી સમજદાર બની રહે તો? તો,પછી અદાલતમાં જવાની જરુર જ ન પડે.

સ્વામી વિવેકાનંદજીએ અમેરિકામાં ભેગા થયેલા દુનિયાભરના ધર્મ-અગ્રણીઓને હિન્દુસ્તાન અને હિન્દુ ધર્મ - વિચારધારા, યોગ અને વેદાન્ત વિશે પણ અસરકારક વાત કરી હતી. અમેરિકાની સંસ્કૃતિ ભોગ સંસ્કૃતિ છે, આપણી સંસ્કૃતિ યોગ સંસ્કૃતિ છે. અમેરિકા વિહારવાદ - વિકારવાદમાં માને છે. આપણે સત્યવાદમાં માનીએ છીએ. ચરણને તીર્થયાત્રા કરાવવાના બદલે આચરણની શુદ્ધિ ચાર ધામની યાત્રા છે. સ્વામી વિવેકાનંદજી કહેતા કે હિન્દુ અને હિન્દુત્વ એ કોઈ ધર્મ નથી, વિચારધારાનું નામ છે. તેઓ યુવાનો પ્રત્યે આસ્થાવાન રહ્યા. યુવાનોમાં તેમને ભારે શ્રદ્ધા અને આસ્થા હતી. આજે આપણો દેશ યુવાનોનો દેશ છે. કારણ કે દુનિયામાં સૌથી વધુ યુવાનો ભારતમાં છે. યુવાનો દેશ અને દુનિયા બદલી શકે છે.

પરિવર્તન એટલે શું? પૃથ્વી ગોળ છે. વાત ફરતી ફરતી ગોળ-ગોળ જ ફરતી પાછી આપણી પાસે જ આવે. યુગો જુની સંસ્કૃતિ અને સંસ્કાર. ફરી ફરીને જુનું એટલું સોનું બનીને પાછું આવી મળે, એને કદાચ

પરિવર્તન કહી શકો. વાઢ-કાપ અને સર્જરી ભારતીય સંસ્કૃતિની દેન છે. શૂન્યની શોધ આપણી અને ભારતે દુનિયાને શૂન્યની ભેટ આપી. ટેકનોલૉજીનો આવિષ્કાર ભલે ને દુનિયાના કોઈ પણ ખુણે થાય. એમાં ભારતવર્ષનું પ્રદાન હાજર હોય જ. ગાંધી બાપુએ સત્ય અને અહિંસાના બે અણમોલ શસ્ત્રથી ગુલામ દેશ આઝાદ કરી શકાય એવું દુનિયાને બતાવી દીધું. બાપુ કહેતા કે ''સત્ય અને અહિંસા તો અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં કંઈ નવું કર્યું નથી.'' પરંતુ હકીકત એ છે કે આ સાધનો ખપમાં લેવા એ જ મહાનતા છે. બાપુએ વિનમ્રતાપૂર્વક પણ આ બે ઓજારોની વિશ્વને ભેટ આપી. આ જ તો છે ભારતવર્ષની તાકાત. આપણી તાકાત અણું-અણુંમાં છે, પરમાણુંમાં નહીં.

આપણા માટે નાઈન - ઈલેવન એટલે વિઘટન નહીં, સંગઠનનો સંદેશ છે. વિશ્વગ્રામ- એકાત્મ માનવવાદ. તોડવાના નહીં, જોડવાના સંસ્કાર. સમગ્ર માનવજાતને સ્વામી વિવેકાનંજી અને ગાંધીજી જેવા મહાપુરુષોએ આ સંદેશ આપ્યો છે. આ સંસ્કાર અને આ સંદેશમાં જ વિકાસનો મંત્ર સમાયેલો છે. લીટી લાંબી કરવાની વાત. કોઈની લીટી ભુંસવાની નહીં. આજે સમગ્ર વિશ્વ જુદી જુદી સમસ્યાઓથી ગ્રસ્ત છે ત્યારે ભારતવર્ષના બે મહામનીષી સ્વામી વિવેકાનંદજી અને ગાંધીજી એટલા જ પ્રસ્તુત છે. ગાંધીવિચાર અને ખાદીવિચાર આપણને બધી જ સમસ્યાઓમાંથી મુક્ત કરાવવા સક્ષમ છે. આપણા વેદો અને પુરાણોનો સાર પણ એમાં આવી ગયો.

ધર્મના બાયનૉક્યુલરથી કુરુક્ષેત્ર તરફ નજર કરીએ તો જણાશે કે અસત્ય ઉપર સત્યનો અને અધર્મ ઉપર ધર્મનો જ વિજય થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)